सत्यमेव जयते

**(નમુનો :–અ )** **આંક–**

**નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**
**ચુકાદાની તારીખ – ૧૭/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૪૧૪/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ),૮૧ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨૨૦૨૮૩/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી.પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **(૧) પ્રતાપભાઇ બીજલભાઇ જેઠાભાઇ વસાવા**<br>ઉ.વ.૪૫, ધંધો– મજુરી<br>રહે.મોટા જાંબુડા પટેલ ફળીયું,<br>તા.નેત્રંગ,જી.ભરૂચ<br><br>**(૨) રાકેશભાઇ ઉર્ફે માંજરો ગુલાબસિંગભાઇ હિરાભાઇ વસાવા**<br>ઉ.વ.૩૧, ધંધો–વેપાર(દુકાન)<br>રહે.મોટા જાંબુડા પટેલ ફળીયું,<br>તા.નેત્રંગ,જી.ભરૂચ |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી. એસ.એફ.વસાવા |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૫/૦૪/૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૫/૦૪/૨૦૨૨ |
| અહેવાલની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમની તારીખ | ૨૩/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૫ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | |

## ::આરોપીની વિગત::

| આરોપીનુ અનુક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/ તહોમત | તકસી રવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રતાપભાઇ બીજલભાઇ જેઠાભાઇ વસાવા | ૨૫/૦૪/૨૦૨૨ | ૨૫/૦૪/૨૦૨૨ | પ્રોહી કલમ–૬૫(એ)(એ),૮૧ | નિર્દોષ છોડયા | – | |
| ૨. | રાકેશભાઇ ઉર્ફે માંજરો ગુલાબસિંગ ભાઇ હિરાભાઇ વસાવા | ૨૭/૦૪/૨૦૨૨ | ૨૭/૦૪/૨૦૨૨ | પ્રોહી કલમ–૬૫(એ)(એ),૮૧ | નિર્દોષ છોડયા | – | |

## (નમુનો:–ક)

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી

| અનુક્રમ નં. | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | બકુભાઇ મથુરભાઇ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૨ | રમેશભાઇ ધનજીભાઇ વસાવા | ફરીયાદી |

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી

| અનુ.ક | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૧૭ | પંચ સાહેદ બકુભાઇ મથુરભાઇ વસાવાની જુબાની |
| ૨ | ૧૦ | ફરીયાદી રમેશભાઇ ધનજીભાઇ વસાવાની જુબાની |
| ૩ | ૧૮ | રેઇડ પંચનામું |

| | | |
|---|---|---|
| ૪ | ૧૧ | ફરીયાદ |

**-: ઠરાવ:-**

(૧) **કેસની ટુંકમાં હકીકત**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારનાઓએ તા.૨૫/૦૪/૨૦૨૨ ના કલાક ૦૯/૦૦ વાગ્યે આ કામના તહોમતદાર નંબર-૧ એ મોજે મોટા જાંબુડા ગામે પટેલ ફળીયામાં આ કામના તહોમતદારનાઓ -૨ નાસી જનાર રહેણાંક ઘરની બહારથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૦૧ કિંમત રૂપિયા ૧૫૦/- ની પોતાના હાથમાં વેચાણ કરવાના ઈરાદે લઇ જતા આ કામના તહોમતદાર નંબર-૧ નાઓ પકડાઇ જઈ અને આ કામના તહોમતદાર નંબર- ૨ નાઓ પોલીસ પંચોની રેઇડ જઇ નાસી જઇ,ગુનો કરેલ હોય જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) **ન્યાયિક કાર્યવાહી**

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક-૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૫ તથા આંક-૦૬ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો

ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**::– મુદાઓ ::–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના તહોમતદારનાઓએ તા.૨૫/૦૪/૨૦૨૨ ના કલાક ૦૯/૦૦ વાગ્યે આ કામના તહોમતદાર નંબર–૧ એ મોજે મોટા જાંબુડા ગામે પટેલ ફળીયામાં આ કામના તહોમતદારનાઓ–૨ નાસી જનાર રહેણાંક ઘરની બહારથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ–૦૧ કિંમત રૂપિયા ૧૫૦/– ની પોતાના હાથમાં વેચાણ કરવાના ઈરાદે લઈ જતા આ કામના તહોમતદાર નંબર–૧ નાઓ પકડાઇ જઈ અને આ કામના તહોમતદાર નંબર– ૨ નાઓ પોલીસ પંચોની રેઈડ જઈ નાસી જઈ, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ),૮૧** મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ |

૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**– કારણો –**

(૬) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે સૌપ્રથમ **પંચ સાહેદ બકુભાઈ મથુરભાઈ વસાવાને આંક–૧૭** થી સોગંદ પર તપાસેલ છે.તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવે છે. મજકુર પંચસાહેદ તેમની

જુબાનીમાં રેઈડ અંગે ના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૧૮** વાળું રેઈડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૧૦ થી ફરીયાદી રમેશભાઈ ધનજીભાઈ વસાવાના**ઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ની સાલમાં હું નેત્રંગ પોલીસ સ્ટેશને ખાતે અ.પો.કો. તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમિયાન તા.૨૫/૦૪/૨૦૨૨ ના રોજ હું તથા અ.હે.કો.લીમજીભાઈ બાવાભાઈ તથા બે પંચોના માણસો સાથે નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી રેઈડમાં નીકળેલ તે દરમિયાન બાતમીદારથી મળેલ બાતમી આધારે મોટા જાંબુડા ગામે પટેલ ફળીયામાં રહેતા રાકેશભાઈ ઉર્ફે માંજરો ગુલાબસિંગ વાસાવાના ઘરે રેઈડ કરવા જતા સદર ઇસમ અમો પોલીસ પંચોની રેઈડ જોઈ નાસી ગયેલ અને બીજો એક ઇસમ નાસવા લાગેલ જેથી તેને દોડીને પકડી લઈ તેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનું નામ પ્રતાપભાઈ બીજલભાઈ વસાવા, રહે. મોટા જાંબુડાના હોવાનું જણાવેલ તેની પાસેથી ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલોના કુલ નંગ–૦૧ જેની કિંમત રૂપિયા ૧૫૦/– નો પ્રોહી મુદામાલ મળી ઓલ જે મુદામાલ કબજે કરી તે અંગેનું વિગવારનું પંચનામું કલાક ૦૮/૩૦ થી ૦૯/૦૦ સુધીનું અ.હે.કો.લીમજીભાઈ બાવાભાઈ નાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ.ત્યારબાદ સદર ગુનાના કામે અમોએ ફરીયાદ આપેલ. આજરોજ મને સદર ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈ કહું છું કે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. સદર ફરીયાદ આંક–૧૧ થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાના કામે અ.હે.કો. લીમજીભાઈ બાવાભાઈનાઓએ તપાસ સંભાળી સદર ગુનાના આરોપીની અટક કરી સદર આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકું આરોપી પૈકી રાકેશભાઈ આજરોજ હાજર છે બીજોઆરોપી નામદાર કોર્ટમાં હાજર નથી.

તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે,એ વાત ખરી છે કે, અમો ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરતા હતા તે વાહન કોની માલીકીના હતા અને તેનો નંબર શું હતો તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેડમાં જતી વખતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી એ વાત ખરી નથી કે , ખોટી

કામગીરી બતાવવા આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદના સમર્થનમાં હાલની ખોટી જુબાની આપું છું.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા રહેણાંક જગ્યા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા પંચોના નામ જણાવેલ છે. પરંતુ, સદર પંચો બનાવ વાળી જગ્યાના રહેલ નથી. વળી, તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા પર થી પંચો સહેલાઇ થી મળી શકે, પરંતુ શા માટે બનાવ વાળી જગ્યા પર થી પંચો ને બોલાવેલ નથી આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા રહેણાંક જગ્યા આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીના કબજામાં થી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીની

જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ),૮૧ મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ પ્રોહીબીટેડ મુદામાલ દારૂ નો નાશ કરવો.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડ ની કલમ-૪૩૭(એ) ની જોગવાઇ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ ના સમયગાળા માટે જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા. ૧૭, માહે: જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ - નેત્રંગ
તારીખ - ૧૭/૦૭/૨૦૨૬.
સ્ટેનો: જે.જે.શાહ

(**હર્ષદ રાજાભાઇ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**